# મોબાઈલ લુંટના આરોપીઓને ગણતરીના કલાકમાં પકડી પાડતી, પુણા પોલીસ.

સુરત શહેરના પુણા પો.સ્ટે વિસ્તારમાં પો.સ્ટે.ના પો.સ.ઈ.શ્રી વી.જે.ચાવડા તથા સાથેના પોલીસ માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.સ.ઈ. શ્રી.વી.જે.ચાવડા તથા સાથેના અ.પો.કો હાર્દિકભાઈ રામજીભાઈ બ.નં. ૨૬૮૯ નાઓને મળેલ બાતમી આધારે પુણા પો.સ્ટે. I ગુ.ર.નં-૪૮૨/૧૯ ઈ.પી.કો. કલમ ૩૯૪, ૧૧૪ મુજબના ગુનાના આરોપીઓ તેમની રીક્ષા નં.૬૬૨૧ લઈને પુણા પાટીયા પાસે ગોડાદરા રોડ પર ઉભા છે તેવી બાતમીના આધારે હકિકત વાળી જગ્યાએ જઈ જોતા ઉપરોક્ત નંબર વાળી ઓટો રીક્ષા ઉભેલી હતી તે રીક્ષાને કોર્ડન કરી તેમની તપાસ કરતા રીક્ષા હંકારનારે પોતાનું નામ (૧) દિપકકુમાર વિજયસીંગ રાજપુત ઉ.વ.૨૯ રહે.ઘર નં. એ/૨/૫૦૫, બ્રીજવાટીકા સોસા., સાંઈ વાટીકા પાસે, કડોદરા, સુરત. મુળ રહે.વરખેડા તા.મલખાપુર જી.બુલઢાના (મહારાષ્ટ્ર) તથા રીક્ષાની પાછળ બેસેલ (૨) દિપક ગજીધર પાટીલ ઉ.વ.૨૭ રહે.ઘર નં.૩૩૦, સુભાષનગર, ગલી નં-૪, ગુજરાતી સ્કુલની પાછળ, લીમ્બાયત, સુરત. મુળ રહે.અમલ્નેરની બાજુમાં ઢેકુ અંબાસમ તા.અમલનેર જી.ઝલગાંવ (મહારાષ્ટ્ર) નાનો જણાવેલ જેની અંગઝડતી તપાસ કરતા પેન્ટના ખીસ્સામાંથી એક ઓપો કંપનીનો A3S મોડેલનો મોબાઈ ફોન જેની કિ.રૂ-૭૮૦૦૦/- ના મત્તાની કબ્જે કરી આરોપીઓએ ગુન્હો કબુલ કરતા ઉપરોક્ત વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.